ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજની રચના

ગાંધીનગર, તા.૧૪

વણકર સમાજમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરવા અને દરેક ગોળમાં મધ્યસ્થીરૂપ બની સમાજનાં ઉત્કર્ષમાં ઉપયોગી બનવાના આશયથી ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ (સૂચિત)ની રચના કરવામાં આવી છે.

વણકર સમાજના સંગઠનમાં અનાયાસે બે ભાગ પડી ગયા છે. સંકલનના અભાવે ગાંધીનગર ખાતે વણકર ભવન બનાવવા માટે જમીન સરકાર તરફથી મળતી નથી. ઉલ્ટાનું જમીનના કારણોસર દરેક ગોળમાં ઝગડાનું વાતાવરણ પેદા થયું છે. ગોળ-ગોળ વચ્ચેના ઝગડાઓનું નિરાકરણ લાવવા એક પરિવારની ભાવના જગાવવા અને વણકર ભવન બનાવવા જમીન મેળવવાની કામગીરીમાં મધ્યસ્થી બની સાનુકૂળ વાતાવરણ ઉભું કરવા લોક લાગણીને વાચા આપી વણકર ઉત્કર્ષની વિવિધ વિકાસલક્ષી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ માટે ગાંધીનગર વણકર મહિલાઓએ નિર્ણય કર્યોછે અને ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજની રચના કરવામાં આવી છે. સંસ્થામાં દરેક ગોળ સંસ્થાઓના મહિલા પ્રતિનિધિઓને નિયુક્ત કરવાના છે. રસ ધરાવતા અને જુદી જુદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મહિલા પ્રતિનિધિઓએ સંસ્થાના પ્રમુખ રમીલાબેન પરમારનો મો.નં. ૯૪૨૭૬૦૧૫૧૫ ઉપર સંપર્ક કરવો.

આજે સે.૨૬ ગ્રીનસીટી ખાતે રામકથાનો રામજન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૨૬માં આવેલી ગ્રીનસીટી ખાતેના હનુમાનજી મંદિરે રામકથાનો સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે પ્રારંભ થઈ ગયો છે. રામકથાના છઠ્ઠા દિવસે આજે રામ-સીતા વિવાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

રામકથામાં આજે રામ જન્મોત્સવ યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે. રાત્રે ૮ કલાકે સર્વે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં સચિવાલય ને વિધાનસભા જેટલાં નથી વખણાતાં એટલી અહીંની સાંસ્કૃતિક ને સેવાકીય પ્રવૃત્તિઓ વખણાવા લાગી છે. અહીં એવી-એવી સેવા પ્રવૃત્તિઓ થાય છે કે જાણનારાઓને આશ્ચર્ય થાય છે કે સેવા કરનારે વળી આ સેવાનું ક્ષેત્ર કેવી રીતે પસંદ કર્યું હશે ! પણ સેવા કરનારા એ વિચારવામાં પડતા નથી, એ તો સેવા કરે જ છે. પ્રસ્તુત તસવીર સેક્ટર-૭ની છે. અહીંના રહેવાસી નરેન્દ્રભાઈ રાવલે પોતાના તબીબ પુત્રને ૨૮ વર્ષ પૂર્ણ થતાં ઘર આંગણે જ વૃક્ષ ઉપર ૨૮ ચકલોડીયા (પક્ષીઓ માટે પાણીનાં પાત્રો) ગોઠવી દીધા. હેતુ પણ કેવો ઉમદા ! મૂંગા પક્ષીઓને ગરમીમાં પાણી મળી રહે અને મારા દીકરાને તૃપ્ત થયેલાં પક્ષીઓના આશીર્વાદ !

હરિદ્વારની ટ્રેન માંડ બે મિનિટ રોકાતા યાત્રિકોમાં દોડધામ

કોચ ઈન્ડીકેટર પણ બંધ : સિનિયર સિટિઝન્સે દયનીય હાલતમાં મૂકાવું પડે છે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરથી હરિદ્વાર જતી ટ્રેઈન આજે સ્ટેશન પર માંડ બે મિનિટ જ થોભતા સિનિયર સિટીઝન્સે ટ્રેનમાં બેસવા ભારે દોડધામ કરવી પડી હતી. સ્ટેશન પર કોચ ઈન્ડીકેટર પણ બંધ હાલતમાં હોવાથી સામાન સાથે નિયત બોગી સુધી પહોંચવામાં પણ યાત્રિકોએ ભારે હાલાકી વેઠવી પડી હતી.

કેપીટલ સ્ટેશન પરથી હરિદ્વાર જવા માટેની ટ્રેઈન સેવા દાયકાઓના અંતે ઉપલબ્ધ થઈ છે. જ્યારે ગાંધીનગરથી હરિદ્વાર જતી આ ટ્રેઈનમાં કેપીટલ સ્ટેશન પરથી બેસતા યાત્રિકોની સંખ્યામાં સિનિયર સિટીઝન્સનું પ્રમાણ વધુ હોય છે. આવા સંજોગોમાં સ્ટેશન પર ટ્રેન યોગ્ય સમય સુધી ન રોકાતા મોટા ભાગે ટ્રેઈનમાં સામાન સાથે બેસવાનું કામ અત્યંત કપરું બની જાય છે. આજે સવારે પણ નિયત સમય કરતા ૨૦ મિનિટ મોડી થયેલી હરિદ્વારની ટ્રેઈન કેપીટલ સ્ટેશને પહોંચતા સિનિયર સિટીઝન્સ સહિત તેમને મુકવા આવેલા પરિવારના સભ્યોએ ટ્રેન ચુકી ન જવાય તેના માટે ભારે દોડધામ કરવી પડી હતી. સ્ટેશન પરના કોચ ઈન્ડિકેટર પણ બંધ હોવાથી પોતાની બેઠક વ્યવસ્થાએ પહોંચવા માટે વયોવૃદ્ધ યાત્રિકોએ ભારે હાલાકી વેઠવી પડી હતી. માંડ પાંચ મિનિટ થોભેલી આ ટ્રેઈમાં વડીલોને મુકવા આવેલા પરિવારના વ્યકિતઓએ પણ ટ્રેઈન શરુ થતા કુદકા મારીને ઉતરી જવું પડયું હતું!!

ઉર્જાનગરના બંધ મકાનમાં બારીની ગ્રીલ તોડી તસ્કરોનો હાથફેરો

ચોર ઈસમોએ રૂ. ૮૦ હજારના દાગીના ચોર્યા

ગાંધીનગર, તા. ૧૪

રાંદેસણ નજીક સ્થિત ઉર્જાનગર સોસાયટીના એક બંધ મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશેલા ચોર ઈસમોએ રૂ. ૮૦ હજારના દાગીનાની ચોરી કરી હોવાની ફરિયાદ સે. ૭ પોલીસમથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાંદેસણ નજીક સ્થિત ઉર્જાનગર સોસાયટીમાં રહેતા રાજેશ પ્રવિણચંદ્ર પાટીલ ગત તા. ૯ મે ના રોજ સાંજે પરીવાર સાથે શિરડી ફરવા ગયા હતા. આ દરમિયાન ઉર્જાનગર ખાતેનું તેમનું મકાન નં. ૬૦ બંધ હતું. આ દરમિયાન કોઈ જાણભેદુ ચોર ઈસમોએ તેમના મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. મોકાનો લાભ ઉઠાવી મકાનની અંદર પ્રવેશેલા ચોર ઈસમોએ રૂ. ૮૦ હજારના દાગીનાની ચોરી કરી હતી. જ્યારે પોતાના પરિવારજનો સાથે શિરડીની યાત્રા કરી પરત ફરેલા રાજેશભાઈ ઘરે પહોંચતા તેમને ચોરીના બનાવ સંદર્ભે જાણ થઈ હતી. આ અંગે તેમણે સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પંચાયત હદ વિસ્તારમાં આવેલ સેઝ વિસ્તારને પંચાયત અધિનિયમની જોગવાઈમાંથી બાકાત કરાયું

ગાંધીનગર, તા. ૧૪

રાજયમાં જિલ્લા તાલુકા અને ગ્રામ પંચાયતના હદ વિસ્તારમાં આવેલ સેઝ વિસ્તારને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈઓમાંથી બાકાત કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યોછે.

ગુજરાત એસ.ઈ.ઝેડ અધિનિયમ-૨૦૦૪ની કલમ-૧૧ની જોગવાઈ મુજબ રાજ્યના પ્રત્યેક સ્પેશીયલ ઈકોનોમીક ઝોન હેઠળ સમાવેશ થતાં વિસ્તારને પંચાયતોની હદ વિસ્તારમાંથી (સ્થગિત) કરવાની જોગવાઈ છે એટલે કે સેઝ હેઠળ આવતા વિસ્તારોને સંબંધિત કાયદાઓની જોગવાઈઓમાંથી બાકાત રાખવાનો થાય છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવોને સત્તામંડળોને આપેલ સુચનાઓના ધોરણે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ પણ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ આવતી સંસ્થાઓને જરૂરી સૂચનાઓ આપે તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી.

સેઝના નિયમો અંગે વિસંગતતા ન થાય તે હેતુથી ગુજરાત એસ.ઈ.ઝેડ અધિનિયમ હેઠળ જાહેર થયેલા રાજ્યની પંચાયતોની હદ વિસ્તારોમાં ગુજરાત પંચાયત અધિનિયમની ૧૯૯૩ની જોગવાઈઓમાંથી બાકાત કરવા રાજ્યોની પંચાયતોને સૂચના અને સ્પષ્ટતા કરવાની જરૂરીયાત ઉભી થવા પામી છે. જેના પગલે રાજ્ય સરકારે પંચાયત વિસ્તારોની હદમાં આવેલા સેઝને પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈઓમાંથી બાકાત રાખવાનો નિર્ણય લેવામાં વ્યો છે.

ગુજરાત સ્પેશીયલ ઈકોનોમીક ઝોન અધિનિયમ ૨૦૦૪ હેઠળ સેઝ તરીકે જાહેર થયેલા કે ભવિષ્યમાં જાહેર થનારા કોઈપણ વિસ્તારનો રાજ્યના પંચાયત વિસ્તારો જેવા કે જિલ્લા પંચાયત તાલુકા પંચાયત ગ્રામ પંચાયતોની હદ વિસ્તારમાં સમાવેશ થતો હોવા છતાં તે સેઝ વિસ્તારને ગુજરાત પંચાયત અધિનિયમની ૧૯૯૩ની જોગવાઈઓ લાગુ પડશે નહિ. જેનું પાલન કરવા માટે રાજ્યની તમામ જિલ્લા પંચાયતો તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોને આદેશ આપવામાં આવ્યા છે.

પાલજની ભૂર્ગભ ગટર યોજનામાં ઠાગાઠૈયા : વસાહત મહાસંઘનો આક્રોશ

પાઈપ નાની અને સાંકડી હોવાથી ગટર લાઈનનું કામ અટવાયા કરે છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં સમાવેશ થયેલ પાલજ ગામમાં છેલ્લા કેટલાક સમયથી ભુર્ગભ ગટર વ્યવસ્થાનું કામ શરૂ થયેલ છે. જેમાં આંતરિક રસ્તા, વીજળીની લાઈનો, પીવાના પાણીની પાઈપ લાઈન વગેરેનું ધ્યાન રાખ્યા વગર આડેધડ ગટરનું કામ શરૂ થતાં પાલજની જનતા ત્રાહિમમામ પોકારી ઉઠી છે. વીજળી બંધ થતાં વૃદ્ધો અને બાળકો દર્દનાક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. આર.સી.સી.ના જાહેર તથા આંતરિક રસ્તાઓ તોડી નાંખ્યા છે. જેનું પુરાણ વ્યવસ્થિત થતું નથી. પરિણામે ચોમાસામાં આ ખાડાઓ જીવલેણ પુરવાર થવાનો ભય સેવાય છે. પાઈપો નાની અને સાંકડી છે. યોગ્ય સુપર વિઝન થતું નથી. પરિણામે કોન્ટ્રાકટર અને બાંધકામ વિભાગની મિલીભગત સ્પષ્ટ દેખાય છે. આ ખાડાઓમાં પાઈપો તૂટવાથી પાણીનો ભરાવો થયેલ છે. જેથી જીવજંતુઓ ઉત્પન્ન થાય છે. તો રોગચાળાનું ઉપદ્રવ સ્થાન પાલજ બનશે. તેમ દેખાય છે. વધુમાં આ કામ કોન્ટ્રાકટર અધુરું છોડી દીધેલ છે. તો સત્વરે ચોમાસા પહેલાં આ કામ પૂર્ણ થાય તે માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ શ્રી કેશરીસિંહજી વાઘેલાએ સરકારમાં ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરેલ છે.

સટ્ટો રમાડતા ત્રણ શખ્સની બાતમીના આધારે ધરપકડ

અમદાવાદ, તા.૧૪

સુરધારા સર્કલ નજીક આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા ત્રણ શખ્સોને વસ્ત્રાપુર પોલીસે સટ્ટો રમાડતા ત્રણ શખ્સોને વસ્ત્રાપુર પોલીસે ઝડપી પાડ્યા છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે વસ્ત્રાપુર પોલીસે બાતમીના આધારે સુરધારા સર્કલ નજીકથી આઈપીએલ મેચ પર સટ્ટો રમાડાત ૧. ધર્મેન્દ્ર ચંદુભાઈ ભીમાણી ૨. જીગર જગજીવનભાઈ પટેલ અને ૩. નીશાંત રાજેશભાઈ કોઠારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી પોલીસે મોબાઈલ અને બાઈક સહિત ૨૩,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વિદ્યુત વિભાગની કચેરીમાં એસ.ઓ. અને કલાર્કની જગ્યાઓ ખાલી

લાંબા સમયના અંતે ભરતી ન થતાં કામગીરી પર વિપરિત અસર

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર શહેર અને સચિવાલય સંકુલમાં અજવાળું પાથરવાનું કામ કરતા પાટનગર યોજના ભવનના વિદ્યુત વિભાગમાં લાંબા સમયના અંતે પણ એસ.ઓ. અને કારકુનની ખાલી જગ્યાઓ સંદર્ભે ભરતી પ્રકીયા હાથ ધરાઈ નથી. જેના પરિણામે તંત્રની કામગીરી પર વિપરીત અસર વર્તાઈ રહી છે.

સચિવાલય સંકુલના વિદ્યુત વિભાગમાં છેલ્લા બે ત્રણ વર્ષથી ખાલી જગ્યાઓ સંદર્ભે ભરતી પ્રકીયા હાથ ન ધરાતા એસ.ઓ. તેમજ કલાર્કની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે.

વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર છેલ્લા બે વર્ષથી ચાર્જમાં આવતા સચિવાલય વિદ્યુત વિભાગની કચેરીમાં પાંચ સેકશન ઓફિસર તેમજ કલાર્કની ૮ જેટલી જગ્યાઓ નિમણૂંકના અભાવે ખાલી છે. વિભાગની કચેરીમાં આ જગ્યાઓ ખાલી હોવાથી વહીવટી કામગીરી ઉપર પણ વિપરીત અસર વર્તાઈ રહી છે. બીજી તરફ કર્ચમારીઓનો વર્કલોડ વધવાની સાથે નવા પ્રોજેક્ટ સચિવ ઈમ્યુવેન્ટના કામો પણ અટવાઈ પડયા છે. સ્ટાફની જરૂરીયાત સામે ખાલી જગ્યાઓ ન ભરાતા કચેરીની વહીવટી બાબતો સહિત પ્લાનીંગની કામગીરી પણ મંદ પડી ગઈ છે.

દીકરી સાપનો ભારો નથી, દીકરી તુલસીનો ક્યારો છે

'જે ઘરમાં દીકરી હોય એ ઘરમાં આનંદ ને ઉજાસ હોય છે. જે ઘરમાં દીકરી હોય એ ઘરમાં મા-બાપનાં હૃદય વિશાળ થઈ જાય છે, લાગણીસભર થઈ જાય છે. અમે તો એ અનુભવ્યું છે. દીકરીને સાપનો ભારો કહેનારાઓને મારે કહેવું છે કે દીકરી એ સાપનો ભારો નથી, દીકરી એ તુલસીનો ક્યારો છે. દીકરી એ વ્હાલનો દરિયો છે.'

આ શબ્દો છે સેક્ટર-૭ના રહેવાસી અમિતભાઈ રમેશચંદ્ર ઠાકરના, જેઓ બે ગરવી દીકરીઓના પિતા છે. તેમનાં પત્ની અલ્પાબેનની દીકરીઓ માટેની લાગણી પણ આવી જ છે. એ જણાવે છે, 'દરેક ઘરમાં એક દીકરી તો હોવી જ જોઈએ. દીકરી હોય તો માતા-પિતામાં ત્યાગની ભાવના આવે છે. ઘરમાં દીકરી હોય તો ઘરમાં આવનારી વહુની વ્યથાને પણ યોગ્ય રીતે સમજી શકાય છે. મેં તો સંતાન તરીકે હંમેશા દીકરીની જ ખેવના કરી હતી અને ઈશ્વરે મારી એ ખેવના સંતોષી છે.'

માતા-પિતાને તો દીકરીઓનાં અવતરણનો આનંદ છે જ, પરંતુ દીકરીઓનાં દાદી સુભદ્રાબેન પણ ઘરમાં બે દીકરીઓ હોવાનો ગર્વ અને આનંદ અનુભવે છે. ઘરમાં મોટી દીકરીના જન્મ સમયે એમના ભાવસભર શબ્દો હતા, 'આપણા ઘરે અવતરેલી આ દીકરી આપણો કુળ તારનાર છે!' અને નાની દીકરીના જન્મ સમયે ખુશી-ખુશી બોલી ઊઠ્યા હતા, 'આપણા ઘરે કુળદીપકનો જન્મ થયો છે!'

અમીતભાઈ અને અલ્પાબેનનાં લગ્ન ૧૯૯૪માં થયાં. એ અગાઉ ૧૯૮૭થી અમીતભાઈ ગાંધીનગરવાસી થઈ ગયા હતા એટલે અલ્પાબેન પણ પરણીને ગાંધીનગરમાં સ્થાયી થયાં. એમને ઘેર પહેલીવાર પારણું બંધાયું ૧૯૯૫માં. દીકરી હીરનો જન્મ થયો. હીરમાં નામ જેવા જ ગુણ. માનવ વ્યક્તિત્વનું હીર જ જોઈ લો. ફૂટબૉલ, ગરબા ને કારની શૉખીન. હાલ ફૂટબૉલ, થ્રો બૉલ અને હાર્મોનિયમ વાદનની તાલીમ એ લઈ રહી છે. ફૂટબૉલની રમત છોકરાઓ જ રમી શકે એ ખોટી માન્યતાને એણે પડકારી ને છોકરીઓ પણ ફૂટબૉલ રમી શકે એવી પોતાની સાચી માન્યતા સ્થાપિત પણ કરી બતાવી. એક સફળ ગોલકીપર બનીને એણે એ સાબિત કરી બતાવી કે છોકરીઓ પણ છોકરાઓથી કંઈ કમ નથી.

એટલું જ નહીં, ૨૦૧૦ના ખેલ મહાકુંભમાં રાજ્ય મુખ્યમંત્રીના હસ્તે પુરસ્કાર પામીને એણે માતા-પિતાનું ને પરિવારનું માથું ગર્વથી ઊંચું કરી બતાવ્યું. હીરે જિલ્લા કક્ષાની પ્રથમ મહિલા ફૂટબૉલ ટુર્નામેન્ટમાં ગોલકીપર તરીકે ભાગ લીધો હતો અને તેની ટીમ ફાઈનલમાં વિજેતા સિદ્ધ થઈ હતી. ઉપરાંત, એની ઉત્કૃષ્ટ રમત બદલ એને મૅન ઑફ ધ મૅચનો ખિતાબ પણ મળ્યો હતો. ૨૦૦૮માં બેટમિંટનની ટુર્નામેન્ટમાં પણ એણે ત્રીજા ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ એ જ હીર હતી, જેણે એસએસસીમાં ૯૨ ટકા પરિણામ લાવીને માતા-પિતાને નાચવા-કૂદવા માટે મજબૂર કરી દીધા હતા, એમની આંખો હર્ષનાં આંસુઓથી ભરી દીધી હતી અને એમની વાણી દ્વારા એ અભિવ્યક્ત કરાવી દીધું હતું કે, 'વાહ ! આ જ મારા કુળનો તારનાર છે!'

અમિતભાઈ-અલ્પાબેનને ઘેર બીજીવાર પારણું બંધાયું ૨૦૦૦માં, દીકરી જીલનો જન્મ થયો. જીલ પણ હીર જેવી જ લાગણીશીલ ને કૌશલ્યથી ભરપૂર દીકરી. એને પણ હીર જેવા જ કલા અને રમતગમતના શૉખ. વર્ષ ૨૦૧૧માં ગાંધીનગર શહેરની પચીસ કિમીની સાઈકલ પરિક્રમામાં ભાગ લઈને તેણે આ પરિક્રમા સફળતાપૂર્વક પૂર્ણ કરી બતાવી હતી અને દુનિયા તથા દીદીને બતાવી દીધું હતું કે, 'હમ ભી કીસી સે કમ નહીં.'

માણસનું મહત્ત્વ માણસ તરીકે જ હોય, દીકરા કે દીકરી તરીકે નહીં, સ્ત્રી કે પુરુષ તરીકે નહીં એવું સમજનારા ઘરમાં પોતાનો જન્મ થયો છે એ બાબતને બંને દીકરીઓ પોતાની ખુશકિસ્મતી ગણે છે. અને જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી માતા-પિતાનાં અરમાનોને પૂર્ણ કરવાની મહત્વાકાંક્ષાને આ ગરવી દીકરીઓ પોતાનો ધર્મ સમજે છે.

માનવીય લાગણીઓથી છલકાતી આવી દીકરીઓને કારણે જ તો દીકરીઓ વ્હાલનો દરિયો ગણાય છે !

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ : ઈશકઝાદે : ૧૦.૦૦

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦

ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦

જન્નત ૨ : ૮.૦૦

સ્ક્રીન-૩ : હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫

ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧૦.૧૫

સ્ક્રીન-૪ : ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫

જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫

ઈશકઝાદે : ૨.૪૫

વીકી ડોનર : ૩.૦૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫,૩.૦૦, ૫.૩૦

ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

સ્ક્રીન-૨ : જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦

ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦

ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦

સ્ક્રીન-૩ : ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫

જન્નત -૨ : ૯.૩૦

સ્ક્રીન-૪ : ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦

ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

સૂર્યા, વાવોલ

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ., અમદાવાદ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે કાર્યક્રમ

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : વિશેષ ઉન્નતિકારક યોગોના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા ઉપર કાબૂ રાખવો.

વૃષભ : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા આપશે. વિરોધીઓ નડતરરૂપ બની શકે છે.

મિથુન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકે છે. નોકરી- વેપાર ક્ષેત્રે સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમતાવાન વ્યવહારથી લાભ થશે.

કર્ક : શુભ મંગળ કાર્યોનું આયોજન થઈ શકશે. આર્થિક સમસ્યાઓનું સમાધાન તમને મળી શકે છે. સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થઈ શકે છે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

સિંહ : જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ સમયનો વ્યય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. ગ્રાહકો સાથે મધુર સંબંધ બનશે.

કન્યા : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકો છો. સ્થાયી સંપતિ આપને મળી શકે છે. નોકરી- વેપાર ક્ષેત્રે નવા સંબંધો બનશે.

તુલા : વાહનનું સુખ પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

વૃશ્ચિક : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો થઈ શકે છે. વેપાર, કુટુંબમાં શુભ કાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધઈ વિવાદનો યોગ.

ધન : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. યોગ, રોગ, કર્જ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ મળી શકે છે. ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થઈ શકશે.

મકર : ભૌતિક સુખ-સુવિધા પ્રાપ્ત થઈ શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક યાત્રોઓનો વિશેષ યોગ. નોકરી-વેપાર અર્થે પ્રવાસ થઈ શકે છે.

કુંભ : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો થઈ શકે છે. પદ, વાહન સંબંધી વિવાદોમાં સમય પસાર થઈ શકે છે.

મીન : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનું આયોજન થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં આસ્થા વધશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. પાર્વતીબેન રાજુજી મકવાણા (ઉ. વ. ૨૨) હરિપુરા, મુ.પો. બોરીયા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. આનંદીબેન સોમાભાઈ શર્મા (ઉ. વ.૭૦) હરિનગર સોસાયટી, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. સેંધાજી મંગાજી ઠાકોર (ઉ. વ.૪૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર